પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special-cp-sur@gujarat.gov.in

:: **જાહેરનામું** ::

**:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::**

**ક્રમાંક:એસ.બી./સ્પા/મસાજ પાર્લરોની માહિતી/ કર્મચારી ની માહિતી/ ૯૩ /૨૦૨૨.**

શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/ મસાજપાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઇ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજપાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઇ આવેલ છે.

જેથી સ્પા/ મસાજપાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજપાર્લરોની માહીતી જેતે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

**:: હુ ક મ ::**

વાસ્તે, હુ અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત સંપુર્ણ વિગત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ.નુ. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર. | |
| ૨. | સ્પા/ મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું- | |
| | મુળ વતન નું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય. તો.<br>- તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલા છે.તેની વિગતઃ- | |
| | હાલનું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) | |
| | સ્પા/ મસાજપાર્લર ચલાવનાર/ સંચાલક નો પાસ પોર્ટ સાઇઝનો ફોટો.    કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો.    પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ<br>સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી    કામકરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ- | |
| ૩. | **:: નિયમો ::** | |

| | | |
|---|---|---|
| | ૧. આ વિગત કોરાકાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા /મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

**સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૪/૦૬/૨૦૨૨ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૮/૨૦૨૨ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.**

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૨/૦૬/૨૦૨૨ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર- ૧, ૨ તથા ટ્રાફીક અને ક્રાઇમ સુરત શહેર.

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.

(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.

(૪)તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય
(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત. **(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)**